# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) રાજ્યના લોથલમાં રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલનું નિર્માણ કરવાનો કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય.
2) રાજ્યની સરકારી મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં 30થી 50 ટકાનો વધારો.
3) પીઢ ઉદ્યોગપતિ અને દાતા રતન ટાટાનું મુંબઇમાં નિધન.
4) આજે દુર્ગાષ્ટમી પ્રસંગે રાજ્ય સહિત દેશભરના પંડાલોમાં ભક્તિભાવ પૂર્વક થશે માતાની પૂજા-અર્ચના.
5) અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી.

-----------------------------------------------------

## CENTRAL CABINET - LOTHAL

ગુજરાતના લોથલ ખાતે વિશ્વનું સૌથી મોટું અને ભારતના દરિયાઈ વારસાનો પરિચય આપતું સંકુલ બનશે.

કેબિનેટ બેઠક બાદ પત્રકારોને સંબોધતાં શ્રી વૈષ્ણવે કહ્યું કે, લોથલ ખાતેનું સંકુલ પૂર્ણ રીતે તૈયાર થતાં મુલાકાતીઓને ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાનો પરિચય આપવા માટે પાંચ પરિમાણવાળો દૃશ્ય-શ્રાવ્ય કક્ષ તૈયાર કરાશે.

કેબિનેટ બેઠકમાં લેવાયેલા અન્ય મહત્વના નિર્ણયોમાં દેશની સરહદી વિસ્તારની સલામતી સુનિશ્ચિત કરવા ચાર હજાર 400 કરોડ રૂપિયાના ખર્ચે રાજસ્થાન અને પંજાબના આંતરાષ્ટ્રીય સરહદી વિસ્તારોમાં બે હજાર, 280 કિલોમીટરની લંબાઈના માર્ગો તૈયાર કરાશે, તેમજ પોષણ સાથે સર્વગ્રાહી વિકાસ સુનિશ્ચિત કરવા 17 હજાર કરોડ રૂપિયાના ખર્ચે ફોર્ટિફાઇડ ચોખા અપાશે.

---

## CM VETAN VADHARO

રાજ્યની સરકારી મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં 30 થી 55 ટકા સુધીનો વધારો કરાયો છે. ખાનગી પ્રેક્ટિસ સિવાય સેવારત વર્ગ-૧ અને વર્ગ-૨ ના તબીબી શિક્ષકોને આ વધારાનો લાભ મળશે. આ નિર્ણય અનુસાર પ્રાધ્યાપક વર્ગ-૧ના પ્રોફેસરને હાલ ૧ લાખ ૮૪ હજાર રૂપિયાનું માસિક વેતન ચૂકવવામાં આવે છે, જે હવેથી બે લાખ ૫૦ હજાર થશે. સહ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૧ લાખ ૬૭ હજાર ૫૦૦ ની જગ્યાએ ૨ લાખ વીસ હજાર રૂપિયા, મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૮૯ હજાર ૪૦૦ ની જગ્યાએ ૧ લાખ ૩૮ હજાર રૂપિયા અને ટ્યુટર વર્ગ-૨ ને ૬૯ હજાર ૩૦૦ ની જગ્યાએ ૧ લાખ પાંચ હજાર રૂપિયા માસિક વેતન ચૂકવાશે.

---

## RATAN TATA

સુપ્રસિધ્ધ પીઢ ઉદ્યોગપતિ અને દાતા રતન ટાટાનું ગઇ કાલે રાત્રે મુંબઇમાં અવસાન થયું હતું. તેઓ 86 વર્ષનાં હતા. તેઓ છેલ્લાં કેટલાંક દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા અને ગંભીર સ્થિતિમાં હતા.

એક નિવેદનમાં ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખરે શ્રી ટાટાનાં અવસાનની પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું કે, ઉત્કૃષ્ટતા, નિષ્ઠા અને નવીનીકરણ પ્રત્યેની અતૂટ પ્રતિબધ્ધતા સાથે રતન ટાટાનાં નેતૃત્વમાં ટાટા જૂથે તેની વૈશ્વિક ઉપસ્થિતિનું વિસ્તરણ કર્યું અને હંમેશા પોતાનાં નૈતિક દાયરા પ્રત્યે નિષ્ઠાવાન રહ્યા. તેમનાં પરિવારનાં સભ્યોએ જણાવ્યું કે, રતન ટાટાની વિનમ્રતા, ઉદારતા અને ઉદ્દેશનો વારસો ભાવિ પેઢીને પ્રેરિત કરતો રહેશે.

મહારાષ્ટ્ર સરકારે સ્વર્ગસ્થ રતન ટાટાના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવાની જાહેરાત કરી છે. રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રતન ટાટાનાં અવસાન બદલ શોક વ્યક્ત કર્યો છે. રતન ટાટા, ટાટા સન્સના ચેરમેન એમિરેટ્સ અને ટાટા ટ્રસ્ટના ચેરમેન હતા. ભારતના સૌથી પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિમાં સ્થાન પામતા ટાટાએ બે દાયકાથી વધુ સમય સુધી ટાટા સન્સના ચેરમેન તરીકે કાર્ય કર્યું હતું. તેઓ ટાટા ટ્રસ્ટનાં માધ્યમથી સખાવતી કાર્યોમાં ખૂબ રસ લેતા હતા. તેમને પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ સહિતનાં અનેક ટોચનાં સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

---

## Navratri Eight DAY

આજે નવરાત્રિનો આઠમો દિવસ છે. આઠમની તિથિને દુર્ગાષ્ઠમી તરીકે પણ ઓળખવામાં આવે છે. આજના દિવસે મા દુર્ગાનાં મહાગૌરી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે.

તેમની ઉંમર બાલીકા સ્વરૂપ આઠ વર્ષની માનવમાં આવે છે. માં નાં આભૂષણો અને વસ્ત્રો સફેદ છે. તેમનું વાહન વૃષભ છે. તેમનો ઉપરનો જમણો હાથ અભય મુદ્રામાં  છે, અને ડાબા હાથમાં વર મુદ્રા છે. તેમણે શિવજીને મેળવવા કઠોર તપ કર્યું હતું.

આજના દિવસે રાજ્ય જ નહીં દેશભરમાં દુર્ગા પંડાલોમાં માતાની વિશેષ પૂજા – અર્ચના કરવામાં આવે છે. તેમજ કન્યા પૂજન પણ આજના દિવસે જ કરવામાં આવે છે.

---------------------------------------------------------------------

## GUJARAT RAIN

રાજ્યના કેટલાક ભાગોમાં નવરાત્રી સમયે વરસાદી માહોલ જામી શકે છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. તો સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ તેમજ દીવના કેટલાક ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. રાજ્યના અન્ય ભાગોમા તાપમાન સૂકું રહી શકે છે.

તો રાજ્યના કેટલાક ભાગોમાં હવામાનમાં પલટો આવ્યો છે. ગઈકાલે સાંજે દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ

વરસ્યો હતો. દ્વારાકાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે દ્વારકા જિલ્લાના ભાણવડમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. વરસાદને પગલે ભણવડ શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદને પગલે ઠંડક પ્રસરી હતી. જોકે વરસાદને પગલે મગફળી સહિતના પાકોને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

તો આ તરફ મોડી સાંજે તાપી જિલ્લામાં પણ ઝરમર વરસાદ વરસ્યો હતો. તાપીના અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે કે વ્યારા અને આસપાસના વિસ્તારોમાં વરસાદને પગલે જનજીવનને અસર થવા પામી હતી,. જ્યારે કેટલાક સ્થળોએ ગરબામાં અવરોધ આવતા ખેલૈયાઓ નિરાશ થયા હતા. ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે મોડી સાંજે ડાંગમાં પણ ગાજવીજ સાથે ભારે વરસાદ વરસ્યો હતો. બે દિવસના ઉકળાટ બાદ ગણદેવી પંથકમાં ગાજવીજ સાથે ધીમી ધારે વરસાદ પડતા ખેલૈયાઓ નિરાશ થયા હતા.

---------------------------------------------------------------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.

---------------------------------------------------------------------

## BHARUCH PM GARBO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લખેલા ગરબાને ગાયક પૂર્વા મંત્રીએ સ્વર આપ્યો છે તાજેતરમાં જ પ્રધાનમંત્રીએ તેમના એક્સ હેન્ડલ પર આવતી કળાય નામનો માતાજીનો ગરબો શેર કર્યો છે.

આ ગરબો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાતે લખવામાં આવ્યો છે અને તેને સ્વર જાણીતા ગાયક પૂર્વા મંત્રીએ આપ્યો છે.પૂર્વા મંત્રી દ્વારા ગવાયેલા આ ગરબાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વખાણ કરતા તેઓએ આ પળને સ્વપ્ન સમાન ગણાવી પ્રધાનમંત્રીનો આભાર માન્યો હતો.

(બાઇટ - પૂર્વા મંત્રી, ગાયક)

---

## VIBRANT MAHOTSAV

વાઇબ્રન્ટ ગુજરાત મહોત્સવને અદ્ભૂત પ્રતિસાદ મળી રહ્યો છે. રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા આયોજીત આ મહોત્સવના 6ઠ્ઠા નોરતે 1.65 લાખ ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા.

અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજીત આ મહોત્સવમાં ગરબા અને રાસ સિવાય અન્ય આકર્ષણોમાં થીમ પેવેલિયન, ક્રાફ્ટ બજાર, ફૂડ સ્ટોલ, આનંદ નગરી, બાલ નગરી, થીમેટિક ગેટ્સ લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવ -2024નું ઉદ્ઘાટન કર્યુ હતું. આજે આઠમા નોરતે મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘૂમે તેવી શક્યતા છે.

---

# DIU MISSION SHAKTI

મિશન શક્તિ યોજના અંતર્ગત દીવ જિલ્લાના દરેક ગરબામાં હેલ્પ લાઇન નંબર-181 મહિલા હેલ્પલાઇન, ચિલ્ડ્રન હેલ્પ લાઇન, વન સ્ટોપ સેન્ટર, વગેરે વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

મિશન શક્તિ યોજના અંતર્ગત મહિલા હેલ્પલાઇન તથા વન સ્ટોપ સેન્ટર દીવના સંયુક્ત પ્રયાસના ભાગરૂપે નવરાત્રિના અવસરે આ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ગરબામાં આવેલી મહિલાઓએ પણ આ કાર્યક્રમને જરૂરી ગણાવ્યો હતો.

(બાઇટ - ડો.તૃપ્તી, મિશન શક્તિના જનરલ સ્પેશ્યાલિસ્ટ)

---

# PM - Bharat Vikas Week

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સુ-શાસનના 23 વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશ સહિત રાજ્યભરમાં ભારત વિકાસ સપ્તાહ ઉજવાઈ રહ્યું છે તે અંતર્ગત રાજકોટ જિલ્લામાં આશરે 500થી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવાનું આયોજન જિલ્લા પ્રાકૃતિક કૃષિ અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવ્યું હતું. આવતીકાલે જામકંડોરણાના બોરિયા ગામે અને ગોંડલ તાલુકાના ગરનાળા ગામે શિબિર યોજાશે.

તો બીજી તરફ પંચમહાલ જિલ્લાની તમામ તાલુકા કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ "ભારત વિકાસ પ્રતિજ્ઞા" લઈને સંકલ્પબદ્ધ બની વિકાસ સપ્તાહની ઉજવણીમાં સહભાગી બન્યા હતા. બનાસકાંઠા યાત્રાધામ

અંબાજી ખાતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં વિકાસ પદયાત્રાનું આયોજન કરાયું હતું.

આ વિકાસ પદયાત્રા 51 શક્તિપીઠ સર્કલથી શરૂ કરીને શક્તિદ્વાર થઇને મંદિરના ચાચર ચોક સુધી યોજાઈ હતી. જેમાં ગુજરાત સહિત કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ પ્રજાલક્ષી થયેલા વિકાસ કાર્યોથી લોકોને અવગત કરવામાં આવ્યા હતા.

તાપી જિલ્લાના વિવિધ તાલુકા કક્ષાએ આવેલ મામલતદાર કચેરીઓ ખાતે અધિકારીઓ સહિતના કર્મયોગીઓએ વિકસિત ભારત અંગે પ્રતિજ્ઞા લીધી હતી.

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભાવનગર જિલ્લાની પ્રાંત અને મામલતદાર કચેરીઓ ખાતે વિકાસ ભારત પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીએ જોયેલા વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા સમર્પિત ભાવની સામૂહિક કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

મોરબી જિલ્લા વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખ તથા ધારાસભ્યની ઉપસ્થિતિમાં એલ.ઈ.કોલેજ ખાતે ઉદ્યોગ સાહસિકતા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ સાથે છોટાઉદેપુર અને જામનગરમાં ભારત વિકાસ સપ્તાહની ઉજવણી કરાઈ.

---

## RAJKOT RAILWAY QR CODE

પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન દ્વારા કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહન આપવા હેતુથી 6 જૂનથી ડિવિઝનની અનામત ઓફિસ તેમજ બૂકિંગ કાર્યલય ખાતે તમામ કાઉન્ટરો પર ક્યૂઆર કોડ જિવાઇસ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે. રેલવેની ટિકિટ ખરીદનાર મુસાફરો હવે ક્યૂઆરની મદદથી પેમેન્ટ કરી શકે છે.

6 જૂનથી 2024થી શરૂ થયેલી આ સેવાને પગલે જૂન માસમાં 26.42 લાખ રૂપિયા, જુલાઈમાં 26.40 લાખ રૂપિયા, ઑગસ્ટમાં 37.77 લાખ, સપ્ટેમ્બરમાં 42.83 લાખ રૂપિયાની આવક થઈ છે. છેલ્લા ચાર મહિનામાં 1.16 લાખ મુસાફરોએ ક્યૂઆર કોડથી ટિકિટ ભાડૂ ચૂકવ્યું છે.

-----------------------------------------------------------------

## JYOTI GRAM YOJANA

ગુજરાત જ્યોતિગ્રામ યોજના અંતર્ગત 1 હજાર દિવસના અભિયાનમાં 17 લાખ નવા વીજળીના થાંભલા તેમજ 78 હજાર કિલોમીટર કેબલ નાખવામાં આવ્યા. રાજ્યના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ જ્યોતિ ગ્રામ યોજનાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત ગામડાઓમાં 24 કલાક વીજળી આપવાનો હેતુ હતો. યોજનાના અમલીકરણના 1 હજાર દિવસ સુધી આ અભિયાન ચલાવવામાં આવ્યું. જે અંતર્ગત 18 હજારથી વધુ ગામોમાં 24 કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં 1 હજાર, 290 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 2 હજાર, 495 જ્યોતિ ગ્રામ ફીડર્સ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત 18 હજાર, 724 નવા ટ્રાન્સફોર્મર કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે.

-----------------------------------------------------------------

## "Beti Bachao, Beti Padhao Yojana"

મહિલા અને બાળવિકાસ અધિકારીની કચેરી, પંચમહાલ દ્વારા ઘોઘંબા તાલુકાનાં રાયણના મુવાડા કન્યા સાક્ષરતા નિવાસી શાળા ખાતે "બેટી બચાઓ,

બેટી પઢાઓ યોજના" અંતર્ગત "આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ" ઉજવણી અને "કિશોરી મેળો" કાર્યક્રમ યોજાયો હતો.

અમારા પંચમહાલના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, આ પ્રસંગે વિવિધ પ્રવૃતિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થિનીઓને ઘડિયાળ, હાઇજીન કીટ તેમજ ટીશર્ટ અને કેપ આપી સન્માનિત કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------